# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-10-2025** **Evening : 7.10 to 7.20 PM**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

1) કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયા એ એકતાનગર ખાતે ગ્રામીણ ડાક સેવક સંમેલનમાં કહ્યું, ભારત દેશ પાસે વિશ્વનું સૌથી મોટું પોસ્ટલ નેટવર્ક છે.
2) વાવ-થરાદ જિલ્લાના મોટાભાગના વિસ્તારોમાં વરસાદી પાણીના નિકાલ માટે રાજ્ય સરકારે 2 હજાર 500 કરોડ રૂપિયાની ફાળવણી કરી.
3) **મહેસાણા એરોડ્રામ ખાતે ભારતીય હવાઈ દળની સૂર્યકિરણ એરોબેટિક ટીમ દ્વારા ભવ્ય એર શો યોજાયો.**
4) દીવાળી વેકેશનમાં રાજ્યના વિવિધ પ્રવાસ સ્થળોએ પ્રવાસીઓની ભીડ ઉમટી પડી.
5) **અરબી સમુદ્રમાં ડિપ્રેશન સર્જાતા વેરાવળ બંદર પર ત્રણ નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું - માછીમારોને દરિયો ન ખેડવા સૂચના.**

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# Gujarat Employment Fair

કેન્દ્રીય સંચાર મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાની અધ્યક્ષતામાં એકતાનગર **SRP** ગ્રાઉન્ડ ખાતે ગ્રામીણ ડાક સેવક સંમેલન યોજાયું.

કેન્દ્રીય મંત્રી શ્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ ગ્રામિણ ડાક સેવકોને પરિવારના સભ્યો ગણાવતા જણાવ્યું કે, આજના આધુનિકતાના યુગમાં એકતાનું પ્રતિક એટલે સૌ ગ્રામિણ ડાક સેવકો છો.

કેન્દ્રીય મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું કે , ભારત દેશ પાસે વિશ્વનું સૌથી મોટું પોસ્ટલ નેટવર્ક છે. તેના માધ્યમથી ડાક સેવકો દરેક સુવિધા ઘર સુધી પહોંચાડીને વ્યક્તિના જીવનમાં ખુશી લાવે છે. ડાક સેવા એ જન સેવા છે , જે પરિવારનમાં નવી નોકરી-પ્રગતિના સંદેશા પહોંચાડી રોશનીનું પ્રથમ કિરણ ફેલાવે છે. સાથે સુકન્યા સમૃદ્ધિથી વિધવા-વૃદ્ધ પેન્શન સુધીની સુવિધા ઘર આંગણે પુરી પાડે છે.

મંત્રીશ્રીએ સૌ ગ્રામિણ ડાકસેવકોને પ્રધાન મંત્રીના વિકસિત ભારત ૨૦૪૭ના સ્વપ્નને સાકાર કરવા સંકલ્પબદ્ધ બની ડાક વિભાગને લોજિસ્ટીક સંસ્થાના રૂપમાં પરિવર્તિત કરી સરકારના કો-સેન્ટર બનીને આર્થિક પરિવર્તનના માર્ગ પર દરેક ડાક સેવક ચેમ્પિયનના રૂપમાં કામ કરે અને દેશને નવી ઊંચાઈઓ પર લઈ જવા નવી ઉર્જા અને નવા વિચારો સાથે કામ કરી રાષ્ટ્રહિતમાં સહભાગી બને તેવી અપીલ કરી હતી.

કેન્દ્રીય મંત્રીશ્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ ડાક સેવક સંમેલન બાદ સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત કરી અખંડ ભારતના શિલ્પી સરદાર સાહેબને પુષ્પાંજલિ અર્પી હતી.

આ અગાઉ કેન્દ્રીય સંદેશાવ્યવહાર મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ વડોદરાના પોસ્ટલ તાલીમ કેન્દ્ર ખાતે આયોજિત રોજગાર મેળામાં ટપાલ , રેલ્વે અને **CGST** સહિત વિવિધ વિભાગોના **86** ઉમેદવારોને નિમણૂક પત્રોનું વિતરણ કર્યું.

વડોદરામાં નવ નિયુકત ઉમેદવારોને સંબોધતા, શ્રી સિંધિયાએ જણાવ્યું હતું કે રોજગાર મેળો રોજગાર સર્જનને પ્રાથમિકતા આપવાની પ્રધાનમંત્રીની પ્રતિબદ્ધતાને પૂર્ણ કરવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે.

(બાઇટ-કેન્દ્રીય સંચાર મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયા)

રાજકોટ ખાતે પોસ્ટમાસ્ટર જનરલ ઓફિસ દ્વારા યોજાયેલા રોજગારમેળામાં લોકસભાના સાંસદ પુરૂષોતમ રૂપાલાએ 100 નિમણુંકપત્રો એનાયત કર્યા હતા. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે, કેન્દ્0 સરકારે વગર ઇન્ટરવ્યુએ ઉમેદવારોની પસંદગી કરતાં યુવાનોમાં રોજગારી મેળવવામાં ઉત્સુક્તા વધી છે.

કેન્દ્રીય ગ્રાહક બાબતોના રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયાએ અમદાવાદના સરદાર પટેલ રાષ્ટ્રીય સ્મારક ખાતે આયોજિત રોજગાર મેળામાં ભાગ લીધો અને કેન્દ્ર સરકારના વિવિધ વિભાગોમાં 85 થી વધુ નવ નિયુકત થયેલા વ્યક્તિઓને નિમણૂક પત્રોનું વિતરણ કર્યું.

## Earthquake

આજે બપોરે રાજકોટ જિલ્લા માં ભૂકંપના હળવા આંચકા અનુભવાયા હતા. રાજકોટના વિરપુર જેતપુર પંથકમાં **3.4** રિક્ટર સ્કેલના ધરતીકંપનો હળવો આંચકો આવ્યો હતો.

શિયાળાના પ્રારંભે જ સૌરાષ્ટ્રની ધરતીના પેટાળમાં હલચલ નોંધાઈ છે. ધરતીકંપના આચકાનું કેન્દ્ર બિંદુ ગોંડલ થી **24** કિલોમીટર દૂર નોંધાયું હતું

## Agriculture Minister Jitubhai Vaghani

ઉત્તર ગુજરાતના વાવ -થરાદ જિલ્લાના મોટાભાગના વિસ્તારોમાં વરસાદી પાણીના નિકાલ માટે રાજ્ય સરકારે **2** હજાર **500** કરોડ રૂપિયાની ફાળવણી કરી છે.

કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી આજે શક્તિપીઠ અંબાજી માતાના દર્શન કર્યા બાદ આ મુજબ જણાવ્યું હતું.

**તેમણે કહ્યું કે રાજ્ય સરકાર સતત ખેડૂતોની સાથે છે વાવ થરાદ જિલ્લામાં ખેડૂતોને નુકસાની પેટે સહાય ચૂકવવા માટે રાજ્ય સરકારે પેકેજ પણ જાહેર કર્યું છે.**

(બાઇટ- કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફૉલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# NEW Mehsana Suryakiran Aerobatic Air Show

**મહેસાણા એરોડ્રામ ખાતે આજે ભારતીય હવાઈ દળની સૂર્યકિરણ એરોબેટિક ટીમ દ્વારા ભવ્ય એર શો યોજાયો હતો. આ પ્રસંગે મહેસાણા એરોડ્રમ ખાતે ઉર્જા મંત્રી ઋષિકેશ પટેલ તથા લોકસભા સાંસદ હરિભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ઉર્જા મંત્રી ઋષિકેશ પટેલે સંબોધન કરતાં જણાવ્યું હતું કે , વાયુસેના, જળસેના અને થલસેનાનું શૌર્ય અને પરાક્રમ આજે આપણા માટે સમગ્ર વિશ્વમાં ગૌરવ લેવા જેવું છે, અને તેમણે ઓપરેશન સિંદૂર જેવા પરાક્રમો માટે ભારતીય સેનાનો આભાર વ્યક્ત કર્યો હતો.**

**હવાઈ દળનો આભાર માનતા સાંસદ હરિભાઈ પટેલે જણાવ્યું હતું કે , એર શોના આયોજને નાગરિકોમાં ઉત્સાહ અને પ્રેરણાનો સંચાર વ્યક્ત કર્યો છે . અમારા મહેસાણાના પ્રતિનિધિના જણાવ્યા અનુસાર આ એર શો જોવા માટે લોકો પરિવાર સાથે મોટી સંખ્યામાં આવ્યા હતા અને ભારતીય વાયુસેનાના અદમ્ય સાહસ તથા શૌર્યની અનુભૂતિ કરી હતી.**

## DIV Dwarka Manav Mehraman

દીવાળીના મીની વેકેશનમાં રાજ્યના વિવિધ પ્રવાસ સ્થળોએ પ્રવાસીઓની ભીડ ઉમટી પડી છે . દ્વારકા, સોમનાથ, અંબાજી, દિવ-દમણ, સાળંગપુર હનુમાન સહિતના અન્ય પ્રવાસન સ્થળોએ નવા વર્ષ નિમિત્તે લાખો શ્રદ્ધાળુઓ ભગવાનના દર્શન કરવા પહોંચી ગયા છે.

યાત્રાધામ દ્વારકામાં દેશવિદેશથી અનેક શ્રદ્ધાળુઓ ભગવાન દ્વારકાધીશના દર્શનાર્થે ઉમટી પડતા શહેરના મુખ્ય માર્ગો પર વાહનવ્યવહાર જામ થઈ ગયો છે . પોલીસે ટ્રાફિક નિયંત્રણ માટે શહેર માં વધારાના ટ્રાફિક પોલીસ તેના ત કર્યા છે . અમારા દ્વારકાના પ્રતિનિધિ જણાવે છે કે મંદિરના વહીવટી તંત્ર દ્વારા પણ ભક્તો માટે સરળ દર્શન થાય તે માટે વિશેષ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે . મંદિરમાં ભીડ નિયંત્રણ માટે સિક્યુરિટી સ્ટાફ અને સ્વયંસેવકો ખડેપગે કાર્ય કરી રહ્યા છે.

સુપ્રસિદ્ધ પ્રવાસન સ્થળ દીવમા સહેલાણીઓ ઉમટી પડ્યા હતા. કેન્દ્ર શાસિત પ્રદેશ અને પ્રવાસન સ્થળ દીવ લોકપ્રિય અને ટુરિસ્ટ ના આકર્ષણ નું કેન્દ્ર બન્યુ છે , દીવ ખાતે મોટી સંખ્યામા પ્રવાસીઓ દીવ પહોચ્યા હતા , દીવ ખાતે આવેલ પર્યટન સ્થળો કિલ્લો,પાણીકોઠા, ચર્ચ ચક્રતીર્થ, જલંધરબીચ, ઘોઘલા બ્લુ ફ્લેગ.સહિત ખુકરી મેમોરિયમ સહિત નાગવા બીચો અને ફરવા લાયક સ્થળો પર ભારે ભીડ જામી છે,દીવ ની હોટલો પણ હાલ ફુલ જોવા મળી રહી છે.

## Weather forecast

હવામાન વિભાગે જણાવ્યું છે કે આગામી સાત દિવસ રાજ્યમાં છૂટા છવાયો વરસાદ થશે. આવતીકાલથી 27મી ઓક્ટોબર સુધી રાજ્યમાં ભારે વરસાદને કારણે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

હવામાન વિભાગના નિયામક ડૉ.એ.કે.દાસે જણાવ્યું છે કે, પૂર્વ મધ્ય અરબસાગરમાં ડિપ્રેશન સક્રિય થવાને કારણે વરસાદી માહોલ થવાની શક્યતા છે.

(બાઇટ-ડૉ.એ.કે.દાસ નિયામક હવામાન વિભાગ)

અમારા ગીરસોમનાથના પ્રતિનિધિ રાજેશ ભજગોતર આ અંગે વધુ માહીતી આપે છે.

(વોઇસકાસ્ટ- રાજેશ ભજગોતર)

# Accident

મહેસાણા અને તાપીમાં બનેલી માર્ગ અકસ્માતની ઘટનામાં કુલ 5 લોકોના મોત થયા હોવાના અહેવાલ છે.

મહેસાણાના વડનગરના મઢાસણા ચાર રસ્તા પર એક કારનો એક્ટિવા અને બાઇક સાથે અકસ્માત થતાં 3 લોકોના મોત થયા હતા. જ્યારે બે લોકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. પોલીસે કાર ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જ્યારે તાપીના નિઝર તાલુકાના દેવલપાડા ગામે બે બાઈક વચ્ચે અકસ્માત થતાં બે વ્યક્તિના મોત અને ચાર લોકો ઇજાગ્રસ્ત થયા હતા . નિઝર પોલીસે અકસ્માતનો ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# Gandhinagar Chiloda Accident

ચિલોડા-હિંમતનગર ધોરીમાર્ગ પર ખાનગી લકઝરી બસ અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાતા નડિયાદ અને અમદાવાદના 10થી વધુ મુસાફરોને ઇજા થઇ છે. ઇજાગ્રસ્તોને સારવાર માટે 108 દવારા ગાંધીનગર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

અમારા ગાંધીનગરના પ્રતિનિધિ જણાવે છે કે ખાનગી લકઝરી બસ મુસાફરોને લઇને રાજસ્થાનના વિવિધ સ્થળોની યાત્રાએ જઇ રહ્યાં હતાં. ધોરીમાર્ગ ઉપર બસ સર્વિસ રોડ ઉપર ઉભી હતી ત્યારે પાછળથી ટ્રકે ટકકર મારતા આ અકસ્માત સર્જાયો હતો.

## Financial Awareness Campaign Bharuch

નાણાંમંત્રાલય અને ભરૂચની બેન્ક ઓફ બરોડા દ્વારા ભરૂચ જિલ્લાના અંકલેશ્વરમાં નાગરિક જાગૃતિ અને નાગરિક અધિકાર માટે તમારી મૂડી, તમારો અધિકાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે ભરૂચ જિલ્લા અધિકારી યોગેશ કાપસે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

કેમ્પમાં નાગરિકોને બેન્કો અને અન્ય નાણાકીય સંસ્થાઓમાં રહેવા અપ્રાપ્ય નાણાં અંગે માહીતી આપી અને તેનો દાવો કેવી રીતે કરવો તે અંગે સમજ આપવામાં આવી હતી.